# 9. બાનો વાડો

તાસ-1

## લેખક પરિચય :



લેખક : પ્રવીણ શનિલાલ દરજી

જન્મસ્થળ : મહેલોલ, તા. ગોધરા, જિ. પંચમહાલ

જન્મ : ઈ.સ. 1944

- બાળદોસ્તો, 'બાનો વાડો' એ લલિતનિબંધ પ્રકારનો પાઠ છે. આ પાઠના લેખક છે : શ્રી પ્રવીણ શનિલાલ દરજી.
- તેમનો જન્મ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મહેલોલ ગામમાં ઈ.સ. 1944 માં થયો હતો.
- લેખકશ્રી પ્રવીણ દરજીએ કવિતા, નિબંધ, વિવેચન, ચરિત્ર, અનુવાદ, સંપાદન, બાળસાહિત્ય જેવા વિવિધ સ્વરૂપો લખ્યાં છે.
- 'લીલાપર્ણ', 'ઘાસનાં ફૂલ', 'વેણુરવ', 'ગાતાં ઝરણાં' અને 'પંચમ' વગેરે લલિતનિબંધસંગ્રહો તેઓએ લખ્યાં છે.

# 9. બાનો વાડો

## પાઠનું શ્રવણ અને વાંચન :

બાને હવે પંચોતેર થયાં; છતાં બા પંચોતેરની લાગે નહિ અને બા એમ સ્વીકારે પણ નહિ. બા જીવી છે જ એવું કે ઉંમર કે નિરાશાને નજીક ઢૂંકવા જ ન દે. નિરંતર ઉદ્યોગ એટલે બા. બા માટે એક જ શબ્દ વાપરવાનો હોય તો કહું – જાજરમાન બા. નીચી-બેઠી દડીની, મજબૂત બાંધાની. આજે પણ એવી જ દમામદાર લાગે. થાય છે – બાનો જીવનરસ કયો ? ક્યાં મૂળિયામાંથી પોષણ મેળવતી-મેળવતી તે આજે પણ કાળની તડકી-છાંયડી વચ્ચે પ્રસન્ન અને ઉદ્યમી રહી શકી હશે ? દસકા પૂર્વે બાપુજીનું અવસાન થતાં અમારા જીવનઘરનો તોતિંગ મોભ તૂટી પડયો હતો. હું ધારતો હતો કે હવે બા ભાંગી પડવાની; પાંચેક વર્ષ માંડ... કદાચ જીવે તોપણ અંદરથી તૂટી ગઈ હશે. સૂકા ઘાસની પત્તીની જેમ આમતેમ ફંગોળાતી રહેશે. પણ ના; એવું કશું બન્યું નહિ. બા સમયને જીરવી ગઈ, જીતી ગઈ. હૃદયના ભંડકિયામાં આંસુની બધી ખારાશ અને જખમોને ભરી દીધાં. પોતાના કામઢા વ્યક્તિત્વને અળપાવા દીધું નહિ. પિતાજીની વાત નીકળતાં, સુખનો અતિરેક થતાં, બાની આંખ ભીની થઈ જતી, અવાજ તરડાઈ જતો : "આ બધું તારા બાપા હોત અને નજરોનજર જોતા તો ! કેટલા ખુશ થતા ! દુખિયારો જીવ સુખ જોવા જ ન પામ્યો. મને મૂઈને શું કામ જિવાડી ?" બસ, પછી બા ચૂપ થઈ જતી. થોડીક પળો પછી પાછી સ્વસ્થ, વાદળ જેવું મન કરી દેતી. બા વીતી ગયેલા દિવસોના રસ્તે નિમિત્ત મળતાં આવીને ઊભી તો રહે છે, પણ ત્યાંથી ઝડપથી નીકળી પણ જાય છે. નિરંતર નવી કેડીની એની શોધ રહે છે. બા ક્ષણેક્ષણનો પોતાની પાસે હિસાબ લે છે; ઊધડો પણ લે. બીજા કરે કે ન કરે, એ એનું કામ કર્યે જ જાય. કર્મ અને ધર્મ તેણે એક કરી મૂક્યાં છે. બાના જીવનસ્રોત વિશે વિચારતાં ઘણી બધી બાબતો મનમાં, આમ તો ઊમટી આવે છે, પણ એ સર્વમાં મોખરે મૂકી શકાય તેવી બાબત વાડાની. હા, અમારા વતનના ઘર પછવાડે ઘણો મોટો વાડો છે. બાને પ્રકૃતિ, ઝાડ-પાન અને ફળ-ફૂલમાં ભારે રસ ! બા માટે વાડો અમુક-તમુક ફૂટ જગા નથી. એ એના જીવનનું એક સ્વજન છે. જેટલો તેણે વાડાને પ્રેમ કર્યો છે, એટલો કદાચ અમોને નથી કર્યો. બાનું જીવન અને મુક્તિ-જે ગણો એ વાડો રહ્યો છે અને આ વાડો એટલે ? બન્ને તરફ, વાડાની હદ પૂરી થાય ત્યાં સુધી થોર અને મહેંદીની વાડ.

એની વચ્ચે જાતે તૈયાર કરેલો માંડવો. માંડવા ઉપર કારેલી-કંકોડીથી માંડીને અનેક શાકભાજીનાં વેલા ઉપરાંત નીચે મકાઈના-ભીંડાના ચાસ, રીંગણ-મરચાં, દાડમ, જામફળ, કોળું, સીતાફળ, પપૈયા – કહો કે એના હૃદય જેટલી સમૃદ્ધિ એ વાડામાં ! અને ફૂલો ? મોગરો, જાસૂદ, કાગડી, અમરીચમરી, ગુલાબ, કરેણ, સૌભાગ્યસુંદરી, પારિજાત... સુગંધનો દરિયો જોઈ લો ! વહેલી સવારે વાડની બન્ને બાજુ, થોરને અડીને ભાત-ભાતનાં પુષ્પો બાલમંદિરનાં ભૂલકાં બનીને ઝૂમતાં હોય ! અને વાડામાં ઔષધીય છોડ પણ મળે જ. તુલસી, કરિયાતું, અરડૂસી, ખરસાંડી જ્યારે માગો ત્યારે હાજર ! એક નાનું, મજાનું ઔષધાલય જોઈ લો જાણે ! મીઠો લીમડો અને લીંબુ પણ ખરાં જ, અને આ સિવાયનું બીજું તો ઘણું બધું... બસ, બીજું કંઈ નહિ, એક વાડાને બોલવા દઈએ તોપણ આપણે પામી શકીએ બાના અતીત અને વર્તમાનના વૈભવને. સમયનાં પગલાંને તેણે આ વાડા વડે સ્મારકમાં ફેરવી નાંખ્યાં છે.

બા જ્યાં હોય ત્યાં, એની વાતનો વિષય વાડો જ હોય. વાડામાં ઊગેલી અને હવે થનાર વનસ્પતિ વિશે પણ બધો નકશો જીભના ટેરવે ! બા જ્યાં જાય ત્યાં એની થેલીમાં વિવિધ ફૂલો, ફળોના બી મળે. ક્યાંકથી લાવે, કોઈકને ખેરાત કરે. પોતાના જ દીકરાના ઘરે બે-ત્રણ દિવસથી વધુ રહેવાનું થાય તો બા વાડા વિના ઝુરાપો અનુભવે. વાડાનું શુંય થઈ ગયું હશે : ભૂંડ પેસી ગયાં હશે, વાંદરાંઓએ ખેદાનમેદાન કરી નાખ્યું હશે. લોકોએ આડેધડ ફૂલો ચૂંટી લીધાં હશે, કાચાં ને કાચા લીંબુ કોઈ લઈ ગયું હશે વગેરે... વગેરે... બા બેચેન થઈ જતી અને અમુક દિવસે તો તે કોઈનુંય માન્યા વિના, વાડાના લગાવને કારણે મક્કમતાથી ચાલી નીકળે. વતન જઈને જ જંપે. પછી વાડો ખુશ અને બા પણ ખુશ !

બાને છાબડી ભરી ભરીને મંદિરમાં ફૂલો મોકલતાં મેં જોઈ છે. સવારે વારાફરતી દસથી પંદર જણ આવે, એ સૌને માટે બા પહેલી સવારે ઊઠે, ફૂલો ચૂંટે અને પિત્તળની ચકચકતી થાળીમાં એકઠાં કરી રાખે. પછી આવનાર દરેકને તે સરખા હિસ્સે હોંશે હોંશે આપે. બાનો ચહેરો ત્યારે આશકા જેવો નિર્મળ બની જતો. મીઠો લીમડો લેવા તો ફળિયા ઉપરાંત આખું ગામ આવે ! બા બધી વેળા જાતે લીમડો તોડીને આપે-કામ પડતું મૂકીને. ક્યારેક જ એના ચહેરા ઉપર ક્લેશ જણાય; નહિ ગમતી કોઈ વ્યક્તિ આવી પડે ત્યારે ! છતાં એનેય લીમડો તો આપે જ. લીંબુ લેવા ઓછા જણ આવે. પણ ભદ્ર, નોકરિયાતો 'પેટમાં વીતે છે', 'તાવ આવે છે' – એવા બહાના કાઢી બા પાસે લીંબુ લેવા આવે. બા આનાકાની વિના આપે

પણ અંદરથી સમજે – બીમારીનું તો બહાનું છે; મૂળે તો મફતિયું શરબત પીવું હશે ને ! બા એ રીતે ભોળી નહિ, ભલી ખરી. પપૈયા, જામફળ અને શાકભાજી તો તે રીતસર લૂંટાવે. અમે શાળાએથી ઘેર આવીએ એટલે બે-ત્રણ દિવસે થેલી લઈને અમુકના ઘેર એ શાકભાજી આપવા અમોને મોકલે. 'ખાયા સો ખોયા; ખિલાયા સો પાયા.' – એ જાણે બાનું જીવનસૂત્ર રહ્યું છે !

બાને છોડની માવજત કરતી જોવી એ પણ એક લ્હાવો છે. નળ તો ગામડે હમણાં થયા. પહેલા તો કૂવેથી જ, ચાકળી મારફતે પાણી ખેંચી લાવવું પડે. બા તે કરે. એકેએક છોડ, ક્યારો તૃપ્ત થાય ત્યાં સુધી એ પાણી રેડે, એ છોડને જાતે ગોડ મારે, સવારે ઊઠીને ભેગું કરેલું છાણ છાણિયા ખાતર તરીકે વાપરે, લીંબુ વગેરેમાં ચામડાના ટુકડાઓ દાબે. દરેકેદરેકની પૂરેપૂરી, રોજેરોજ કાળજી લે. વાડાના વાતાવરણમાં, એકાદ છોડમાં પણ ક્યાંય ફરક પડે તો બાને તેની તરત જાણ થઈ રહે. બાને સાચેસાચ પામવી હોય તો વાડાની અડખેપડખે જ પામી શકાય. એમ હું ખાતરીબંધ કહી શકું. બાની નજર વાડે વાડે હરણની જેમ ફરતી, પુષ્પે પુષ્પે પતંગિયાની જેમ ઊડાઊડ કરતી, શાકને માંડવે ખિસકોલીની જેમ સરકતી રહેતી અને જમીન ઉપરના છોડનું નિરીક્ષણ કરતી વેળા એ નજર વરસાદી ગાય બની જતી; ધીમેથી, બધું જ ઝીણેરું તે જુએ.

બા કશેક જાય ને જો ત્યાં વાડા જેવું, ફૂલ-ફળાદિ નિહાળે તો ત્યાં તે લટાર માર્યા વિના રહે જ નહિ; એટલું જ નહિ, એની થેલીમાં કોઈક છોડની કલમ, કોઈક આખો ને આખો છોડ આવી પડે ! બામાં આજે પણ, વાડાની વાત આવતાં, હું દસ વર્ષની મારી ઉંમરે મુગ્ધતા, જે વિસ્મય તેનામાં જોતો હતો, એવા જ મુગ્ધતા-વિસ્મય નિહાળું છું.

કોને ખબર આ વાડો કંઈ નવી વસ્તુ બા સામે આમ દરેક વખતે ધરી દેતો હશે ?

("ગાતાં ઝરણાં"માંથી)